પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૯૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૪-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### લોકસભા અને રાજ્યસભા અચોક્કસ મુદત સુધી સ્થગિત

## લોકસભામાં ૧૨૯ ટકા પ્રોડક્ટિવિટી, ૧૩ બિલ થયા પસાર : લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા

નવીદિલ્હી,

સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીએ શરૂ થયું હતું અને કેન્દ્રીય બજેટની રજૂઆત પછી પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરીએ સમાપ્ત થયો હતો. બજેટ સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થયો હતો. જે નિર્ધારિત સમયના એક દિવસ પહેલા જ લોકસભા અને રાજ્યસભા અચોક્કસ મુદત સુધી સ્થગિત કરવામાં આવી છે. આ સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાના બંને ગૃહોમાં વિક્ષેપ ઓછો જોવા મળ્યો હતો. બજેટ સત્રની શરૂઆત ૩૧ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન સાથે થઈ હતી. આ પછી, ૧ ફેબ્રુઆરીના રોજ નાણામંત્રી નિર્મલા



સીતારમણે કેન્દ્રીય બજેટ રજૂ કર્યું હતું.

લોકસભાની આજના દિવસની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ સ્પીકર ઓમ બિરલાએ સત્રની કાર્યવાહીનો સારાંશ આપતા સમાપનનો સંદર્ભ આપ્યો હતો. બાદમાં તેમણે ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું હતું. તો, રાજ્યસભાની કાર્યવાહી પણ શરૂ થતાં જ ગૃહમાં હંગામો થયો હતો. દરમિયાન, અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુ સત્ર દરમિયાન ગૃહમાં હાથ ધરાયેલા કામકાજ અંગેની નોંધ વાંચી શક્યા ન હતા. કારણ કે શિવસેના અને અન્ય વિપક્ષી સાંસદોએ હોબાળો મચાવ્યો હતો.શિવસેનાના સાંસદોએ એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંતને બચાવવા લોકો પાસેથી એકત્ર કરાયેલા ૧૦૦ કરોડ રૂપિયાની ઉચાપત કરવાના આરોપમાં ભાજપના કિરીટ સોમૈયા સામે નોંધાયેલી એફઆઈઆરનો મુદ્દો ઉઠાવવાની માંગ કરી હતી ટીએમસી નેતા ડેરેક ઓબ્રાયને જણાવ્યું હતું કે સમગ્ર સત્રમાં ભાવ વધારા અંગે કોઈ ચર્ચા થઈ નથી.

કોંગ્રેસના સભ્યોએ શિવસેનાને ટેકો આપતાં કહ્યું હતું કે જો ભાવવધારાના મુદ્દાને ચર્ચા માટે મંજૂરી આપવામાં આવતી નથી, તો ઓછામાં ઓછા આ કથિત "કૌભાંડ" પર ચર્ચા થવી જોઈએ. નાયડુએ કહ્યું કે તેમણે આ મામલો ઉઠાવવાની પરવાનગી આપી છે અને સાંસદોને કાર્યવાહીમાં અવરોધ ન લાવવા જણાવ્યું છે. વિપક્ષી સાંસદોના અવિશ્વાસ સાથે, તેમણે કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી.

કેન્દ્રીય બજેટની રજૂઆત પછી પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરીએ સમાપ્ત થયો હતો. આ પછી સંસદના બંને ગૃહો બજેટના દસ્તાવેજોની તપાસ માટે કાર્યવાહી બંધ રાખવામાં આવી હતી. બજેટ સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થયો હતો. મૂળ સમયપત્રક મુજબ, સત્ર ૮ એપ્રિલે સમાપ્ત થવાનું હતું.

લોકસભાને અનિશ્ચિત સમય માટે સ્થગિત કર્યા બાદ ગૃહના સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું કે, આ સત્રમાં ૧૩ બિલ પાસ કરવામાં આવ્યા છે. આ સત્રમાં તમામ સભ્યો મોડી રાત સુધી બેઠા હતા અને ગૃહની કાર્યવાહીમાં ભાગ લીધો હતો. કુલ ૧૩ બિલ પાસ થયા છે, પાંચ વિષયો પર ગ્રાન્ટની માંગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બજેટ અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. અમે પ્રયાસ કરીએ છીએ કે ગૃહ સરળતાથી ચાલે કારણ કે તે દેશની સર્વોચ્ચ સંસ્થા છે. આપણે ગૃહની ગરિમા જાળવી રાખવી જોઈએ. ૨૦૨૩ની અંદર અમે દેશની તમામ વિધાનસભાની કાર્યવાહીને એક ટેબલ પર લાવીશું. અમારો પ્રયાસ છે કે તમને દર વર્ષની તમામ કાર્યવાહી મળે.

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કહ્યું, દરેકની ભાગીદારીથી આ સત્રમાં પ્રોડક્ટિવિટી ૧૨૯ ટકા રહી છે. ૮મા સત્ર સુધી પ્રોડક્ટિવિટી ૧૦૬ ટકા રહી છે." અગાઉના અનુભવોની તુલનામાં, સત્ર બધાના સમર્થનથી સારું રહ્યું છે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરીએ સમાપ્ત થયો હતો. ત્યારબાદ સત્ર ૧૪ માર્ચે ફરી શરૂ થયું અને ગુરુવારે સમાપ્ત થયું, બજેટ પ્રક્રિયા પૂર્ણ થયાના એક દિવસ પહેલા અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) બિલ અને ક્રિમિનલ પ્રોસિજર બિલ જેવા મુખ્ય બિલ પસાર થયાના એક દિવસ પહેલા.

રાજ્યસભાના અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે, વિક્ષેપો અને સ્થગિતતાને કારણે રાજ્યસભા લગભગ સાડા નવ કલાક ગુમાવી હતી, પરંતુ નવ કલાક, ૧૬ મિનિટની વધારાની બેઠક ખોવાયેલા સમય માટે બને છે. તેમણે કહ્યું, બજેટ સત્ર દરમિયાન ગૃહની ઉત્પાદકતા ૯૯.૮ ટકા રહી છે. જો ગૃહે માત્ર ૧૦ મિનિટ વધુ કામ કર્યું હોત, તો ઉત્પાદકતા ૧૦૦ ટકા હોત.

લોકસભાએ ફાઈનાન્સ બિલ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) બિલ, સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની વિતરણ વ્યવસ્થા (સુધારા) બિલ સહિત ૧૨ બિલ પસાર કર્યા. રાજ્યસભાએ ૬ વિનિયોગ બિલ સહિત ૧૧ ખરડા પસાર કર્યા, જ્યારે નાણા બિલ પરત કરવામાં આવ્યા. જળવાયુ પરિવર્તન, યુક્રેનની સ્થિતિ અને ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર લોકસભામાં અલ્પજીવી ચર્ચા પણ થઈ હતી.

## રાજ્યમાં ગરમીના પ્રકોપથી આંશિક રાહત મળશે

અમદાવાદ,


ગુજરાતમાં ગરમીના પ્રકોપથી રાહત આગામી ત્રણ દિવસ રાહત મળશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ત્રણ દિવસ સુધી ગરમીના પ્રકોપથી મળશે આંશિક રાહત મળશે. તાપમાનમાં ૩ ડિગ્રી સુધી ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. પવનોની દિશા બદલાતા અને પવનની ગતિ વધતા ગરમીથી આંશિક રાહત મળશે. આ સાથે એમ પણ કહેવાયું છે કે રાજ્યમાં હિટવેવની કોઈ આગાહી નથી પણ ત્રણ દિવસ બાદ ગરમીમાં ફરીથી વધારો થશે.

અમદાવાદમાં સતત ત્રણ દિવસથી ૪૨ ડિગ્રી કરતા વધારે ગરમી પડી રહી છે. આ ઉપરાંત વડોદરા, ભુજ, સુરેન્દ્રનગરમાં પણ ગરમીનું ટોર્ચર સતત લોકોને પરેશાન કરી રહ્યું છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં કાળઝાળ ગરમીને પગલે બપોરે માર્ગો સૂમસામ બને છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં પાછલા એક અઠવાડિયાથી પ્રચંડ ગરમી પડી રહી છે.હવામાન વિભાગે બનાસકાંઠા, પાટણ, કચ્છમાં બે દિવસ યલો એલર્ટની આગાહી કરી છે. એ જોતાં અહીં લોકોએ વધુ સાવચેત રહેવું પડશે. જોકે હવામાન વિભાગે એવું પણ કહ્યું છે કે આજથી લોકોને આકરી ગરમીમાંથી નજીવી પણ રાહત મળી શકે છે અને તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે.

## ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ૯૦ કરોડનું કોકેઈન ઝડપાયું, લાઇબેરિયાના એક વ્યક્તિની અટકાયત

નવીદિલ્હી,


નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ ૯૦ કરોડ રૂપિયાના કોકેઈન સાથે લાઈબેરિયાના એક વ્યક્તિની અટકાયત કરી હતી તેમ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું.ચેકિંગ દરમિયાન સિલ્વર કલરની ટ્રોલી બેગમાંથી કોકેઈનના આઠ પેકેટ મળી આવ્યા હતાં.આ આઠ પેકેટમાં બંધ કેફી પદાર્થનો રંગ સફેદ હતો. જો કે આ કેફી પદાર્થની ટેસ્ટ કીટથી તપાસ કરવામાંઆવી હતી. કસ્ટમ વિભાગ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર પ્રાથમિક તપાસ સમુજબ કેફી પદાર્થ કોકેઈન હોવાનું જાણવા મળ્યું છે. જપ્ત કરાયેલ કોકેઈનનું વજન ૫.૯ કીલો હતુ અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેનો ભાવ ૮૯.૭૪ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. કસ્ટમ વિભાગે લાઈબેરિયાના નાગરિકની ધરપકડ કરી લીધી છે.




## કલ્યાણકારી યોજનાઓ જુમલા બની ન જાય તે જોવું જરૂરી : કેન્દ્રને સુપ્રિમની ફટકાર

નવીદિલ્હી,

દેશમાં લોકપ્રિયતા માટે ઝડપથી કાનૂન બનાવીને સંતોષ માનતી સરકારો માટે લાલબતી સમાન એક નિરીક્ષણમાં સર્વોચ્ચ અદાલતે કોઈપણ લોકકલ્યાણકારી યોજનાઓ કે કાનૂનો બનાવતા પૂર્વે તેને અમલમાં મૂકવા માટેની વ્યવસ્થા અને નાણાકીય જોગવાઈની ચિંતા કરવા સરકારોને સલાહ આપી છે. ખાસ કરીને અનેક કલ્યાણકારી યોજનાઓ ચૂંટણી સમયે ઢંઢેરામાં જાહેર થાય છે પરંતુ તેની રાજ્ય કે કેન્દ્રના બજેટ પર થનારી નાણાકીય અસર અંગે ભાગ્યે જ કોઈ ચિંતા થાય છે બાદમાં જ્યારે યોજના અમલમાં મુકવામાં આવે છે ત્યારે તેના માટે પૂરતી માળખાકીય વ્યવસ્થા હોતી નથી કે યોગ્ય નાણાકીય પીઠબળ પણ હોતુ નથી જેના કારણે આ પ્રકારની યોજનાઓના લાભ લોકોને મળી શકતા નથી. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ યુ.યુ.



લલીતની ખંડપઠે ગઈકાલે શિક્ષાના અધિકારના કાનૂનમાં જે દૂરદર્શિતા દાખવવામાં આવી ન હતી તેની સામે પ્રશ્ન ઉઠાવતા સમયે આ પ્રકારના વિધાનો કર્યા હતા અને જણાવ્યું કે સરકારે દેશના કરોડો બાળકોને શિક્ષણનો અધિકાર તો આપી દીધો પણ શાળાઓ ક્યા છે ? તેની વ્યવસ્થા થઈ નથી. શાળાઓ હોય તો શિક્ષકો નથી અને અનેક રાજ્યોએ વિદ્યા સહાયક કે શિક્ષા મિત્ર જેવી યોજનાઓ અમલમાં મુકી છે જેમાં રુા. ૫૦૦૦ના પગારથી શિક્ષકો રાખવામાં આવે છે હવે તે ક્યા પ્રકારનું શિક્ષણ દેશે તે પ્રશ્ન છે. જ્યારે આ પ્રકારના મુદ્દા ઉઠે છે ત્યારે બજેટનો મુદ્દો આગળ ધરવામાં આવે છે પણ સરકારોએ એ દિશામાં કામ કરવું જોઈએ કે તેમની યોજનાઓ જુમલા બનીને રહી ન જાય.

સુપ્રિમ કોર્ટની ખંડપીઠે દેશમાં મહિલા માટે જે ઘરેલુ હિંસા અધિનિયમ કાનૂન છે તેમાં પણ અધૂરા સામે પ્રશ્ન ઉઠાવ્યો છે અને કહ્યું કે વાસ્તવમાં ખૂટતી કડીઓ પૂરી કરવી જોઈએ. જે મહિલાઓ સામે દુર્વ્યવહાર થાય છે તેને પૂરતી કાનૂની મદદ મળતી નથી અને જે મહિલાઓ ભોગ બનતી હોય છે તેના માટે પૂરતા આશ્રય ગૃહ પણ નથી આથી મહિલાઓને મૂંગા રહીને પીડા સહન કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. સુપ્રિમ કોર્ટે એવું વિધાન કર્યું હતું કે દેશમાં અધિકારીઓની કમી પણ એક પ્રશ્ન છે. એક સારો મહેસુલી અધિકારી સારો સુરક્ષા અધિકારી બની શકે નહીં જેમાં વિશેષ પ્રકારની નોકરીની જરુર છે અને અલગ પ્રકારના પ્રશિક્ષણની જરુર હોય છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી રવિન્દ્ર ભટ્ટે એવું વિધાન કર્યું કે સરકારોએ સૌથી પહેલા ડેટા મેળવવા જોઈએ અને તેના આધારે એક મોડેલ બનાવીને તેમાં સરકાર કઈ રીતે કરી શકે છે તે જોવાવું જોઈએ જેમાં બજેટ વગેરેની વ્યવસ્થા પણ નિશ્ચિત થવી જોઈએ. સુપ્રિમ કોર્ટે આ અંગે કેન્દ્ર સરકારને નારી સુરક્ષા અધિકાર અંગે તેમનો રિપોર્ટ તા. ૨૬નાં રોજ આપવા કહ્યું છે. અને જણાવ્યું હતું કે આ પ્રકારના પદો પર ઓછા અધિકારીઓને કારણે કે આઈએએસ અથવા મહેસુલી અધિકારીને આ ફરજ સોંપવાથી તેઓ સારા સુરક્ષા અધિકારી બની શકતા નથી તે નિશ્ચિત છે. આ અંગે સરકારની નિષ્ઠા સામે જ સુપ્રિમ કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો છે અને એ પણ જણાવ્યું હતું કે રાજ્યમાં મહિલાઓ માટે સુરક્ષા અધિકારીઓની ઘટ છે.

## ખેડૂતો આંદોલન માટે ફરી એકવાર તૈયાર રહે : રાકેશ ટિકૈત

નવીદિલ્હી,

ભારતીય કિસાન યૂનિયનના નેતા રાકેશ ટિકૈતે ફરી એકવાર ખેડૂત આંદોલનના એંધાણ આપ્યા છે. તેમણે જણાવ્યું છે કે ખેડૂતો આંદોલન માટે ફરી એકવાર તૈયાર રહે. તેમણે એવું પણ જણાવ્યું કે, સરકારે એમએસપી પર ગેરંટી કાયદો સહિત અન્ય મુદ્દા પર કરેલો વાયદો તોડી નાંખ્યો છે. એટલા માટે દેશભરના ખેડૂતોએ ભેગા થઈને ફરીથી આંદોલન કરવું પડશે. રિપોર્ટના મતે ટિકૈતે જણાવ્યું છે કે, અત્યારે અમે આંદોલનની કોઈ તારીખ નક્કી કરી છે પરંતુ ખુબ જ જલ્દીથી તેને શરૂ કરવા માટે પુરી રીતે તૈયાર છીએ. ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ પાછા ખેંચવા સાથે, ખેડૂતોએ સરકાર પાસેથી મિનિમમ સપોર્ટ પ્રાઈસના કાયદા સહિત ઘણી માંગણીઓ કરી હતી. તાજેતરમાં પુરી થયેલી વિધાનસભાની



ચૂંટણી બાદ સરકાર બધુ ભૂલી ગઈ છે પરંતુ ખેડૂતો પોતાને આપેલા વચનો ભુલ્યા નથી. વાજબી ભાવે વીજળી, સિંચાઈ અને પાક માટે એમએસપી જેવા મુદ્દાઓ પર સરકાર દ્વારા હજુ સુધી કંઈ કરવામાં આવ્યું નથી. જ્યારે મુઝફ્ફરનગરમાં મહાવીર ચૌક સ્થિત કાર્યાલય પર કાર્યકર્તાઓની બેઠકમાં કિસાન યૂનિયનના પ્રદેશ અધ્યક્ષ રાજવીર સિંહ જાદૌને જણાવ્યું છે કે, કાર્યકરો ભેગા થઈ જાવ. સરકાર વિરુદ્ધ ફરીથી લાંબો સંઘર્ષ કરવો પડશે.

## ચાર ધામના કપાટ તાકિદે ખોલવાની તૈયારી શરૂ, શ્રધ્ધાળુઓ માટે ખાસ સુવિધા હશે

દહેરાદુન,

ચાર ધામની યાત્રા એકવાર ફરી શરૂ થવા જઈ રહી છે ગંગોત્રી અને યમુનોત્રી ધામની યાત્રા ૩ મેથી શરૂ થશે જ્યારે ૬ મેના રોજ કેદારનાથના કપાટ દર્શન માટે ખોલવામાં આવશે. બદ્રીનાથને લઈ કહેવામાં આવી રહ્યું છે કે આઠ મેથી અહીં પણ શ્રધ્ધાળુઓ દર્શન કરવા આવી શકશે સરકારના જણાવ્યા અનુસાર આ વર્ષ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શન કરવા આવનાર છે આવામાં પ્રશાસન તરફથી મોટા સ્તર પર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

યાત્રા સંબંધિત તમામ વ્યવસ્થા યોગ્ય કરવામાં લાગ્યા છે.યાત્રા માર્ગથી લઈ અન્ય વ્યવસ્થા યાત્રા શરૂ થતા પહેલા યોગ્ય કરવામાં પ્રશાસને પુરી તાકાત લગાવી છે.પર્યટન સચિવ દિલીપ જાવલકરે કહ્યું કે ચારધામ યાત્રાને લઈ સતત મોનિટરિંગ જારી છે.તમામ પાસાઓને ધ્યાનમાં રાખી ચારધામ યાત્રાની તૈયારી કરવામાં આવી રહી છે કેદારનાથમાં બનેલ આદિગુરૂ શંકરાચાર્યની વિશાળ સમાધિ પણ આ વખતે તમામ લોકોના દર્શન માટે ખુલ્લી રહેશે

એ યાદ રહે કે બદ્રીનાથ અને કેદારનાથમાં નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે જેના પર અનેક કામ યાત્રા પહેલા પુરૂ કરવામાં આવશે હાલ બદ્રીનાથ ધામના પુન નિર્માણનું કામ પણ જારી છે સરકાર તરફથી ૨ હજાર કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા છે હાલ ૬૫ કરોડના વિકાસ કાર્ય શરૂ કરવામાં આવ્યા છે.

## દેશમાં ૭ ટકા બાળકો કુપોષણનો શિકાર હોવાનો કેન્દ્રનો એકરાર

નવીદિલ્હી,

દેશમાં લગભગ સાત ટકા બાળકો કુપોષણનો શિકાર છે અને તેમાંથી બે ટકા બાળકો તો ગંભીર કુપોષણની કેટેગરીમાં છે એવી માહિતી સરકારની 'પોષણ' ટ્રેકર પદ્ધતિમાં બહાર આવી છે. મહિલા અને બાળવિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ રાજ્યસભાને જણાવ્યું હતું કે, કુપોષિત બાળકોનો આંકડો નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડેટાની તુલનામાં ઘણો ઓછો છે.

ઉલ્લેખનીય છે કે, એનએફએચએસના ડેટામાં દેશના લગભગ ૧૯ ટકા બાળકો કુપોષણનો શિકાર હોવાનું જણાવાયું હતું. ઈરાનીએ કહ્યું હતું કે, 'અમે આ મુદ્દે આંકડાને ચકાસવા ઈન્ડિયન એકેડેમી ઓફ પિડિયાટ્રિક્સનો સંપર્ક સાધ્યો હતો.'

'પોષણ' ટ્રેકર પદ્ધતિમાં આંગણવાડીના પ્રદર્શન પર ડિજિટલી નજર રાખવામાં આવે છે. જેમાં ડબ્લ્યુએચઓના ધોરણો મુજબના માપદંડની પણ ચકાસણી કરાય છે. ફેબ્રુઆરીના ડેટા પરથી જણાયું કે, કુપોષણની ગંભીર સ્થિતિ (સિવિયર એક્યુટ માલનરિશ્ડ)માં હોય એવા બાળકોની સંખ્યા લગભગ બે ટકા છે, જે એનએફએચએસના ડેટાની તુલનામાં ઘણી ઓછી છે. મંત્રીના જણાવ્યા અનુસાર 'પોષણ' ટ્રેકર પદ્ધતિ દ્વારા ડબ્લ્યુએચઓના ધોરણો મુજબ એક કરોડ બાળકોની ચકાસણી કરાઈ હતી. તેમણે કહ્યું હતું કે, 'માત્ર બે ટકા લોકો SAM (સિવિયરલી એક્યુટ માલનરિશ્ડ) અથવા કુપોષણની ગંભીર સ્થિતિમાં છે. જ્યારે મોડરેટ એક્યુટ માલન્યુટ્રિશન કુપોષણની મધ્યમ કેટેગરીમાં આવતા બાળકોની સંખ્યા પાંચ ટકા સુધી છે. એનો અર્થ એ થયો કે એસએએમ અને એમએએમની કેટેગરીમાં આવતા બાળકોની સંખ્યા અત્યારે સાત ટકા છે એનએફએચએસના ડેટામાં આ ટકાવારી ૧૯ ટકા દર્શાવાઈ છે.'

ઈરાનીએ અન્ય એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, 'રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાની સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ પ્રમાણે દેશમાં બાળ મૃત્યુદર ૨૦૧૭ના દર ૧,૦૦૦ બાળકે ૩૩થી ઘટીને ૨૦૧૯માં ૩૦ નોંધાયો છે. સમાન ગાળામાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકોનો મૃત્યુદર ૩૭થી ઘટીને ૩૫ થયો છે. જ્યારે પ્રસૂતિ વખતે માતાનો મૃત્યુદર ૨૦૧૫-૧૭ના દર એક લાખ જીવિત જન્મતા બાળકે ૧૨૨થી ઘટીને ૨૦૧૭-૧૯માં ૧૦૩ થયો છે.

# લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે ડાયાલિસીસ વિભાગનું લોકાર્પણ કરતાં મંત્રી નિમિષાબેન સુથાર





લુણાવાડા, રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજય મંત્રી નિમિષાબેન સુથારએ સામાજિક, આર્થિક વિકાસ તેમજ સ્વસ્થ અને સુખી વ્યકિત માટે, આરોગ્ય એક પ્રાથમિક જરૂરિયાત છે. પ્રાથમિક સેવાઓથી માંડી ગંભીર રોગોના કિસ્સામાં આરોગ્યલક્ષી સેવાઓ દરિદ્રનારાયણ સુધી પહોંચાડવાનું સરકાર કામ કરી રહી હોવાનું કહ્યું હતું. તેમણે વધુમાં રાજયના નાગરિકોને ગંભીર પ્રકારના રોગોના કિસ્સાઓમાં પણ આરોગ્યલક્ષી સેવાઓ ઘરઆંગણે જ મળી રહેવાની સાથે ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજય સરકારની પ્રાથમિકતા હોવાની સાથે નેમ વ્યકત કરી હતી.

આજે આઇ.કે.ડી. આર.સી. અમદાવાદ દ્વારા સંચાલિત ગુજરાત ડાયાલિસીસ પ્રોગ્રામ અંતર્ગત અત્યાધુનિક ૧૧ ડાયાલિસીસ વિભાગના ઇ-લોકાર્પણ, રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ટીબી પ્રિવેન્ટિવ થેરાપીનો રાજયવ્યાપી અમલીકરણનો પ્રારંભ અને વૈશ્વિક યુવા તંબાકુ સર્વે-૪ ફેકટશીટ ગુજરાત-૧૯ પુસ્તિકાનું મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતેથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે કરવાના યોજાયેલા કાર્યક્રમ પ્રસંગે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતેની જનરલ હોસ્પિટલ ખાતે આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે ડાયાલિસીસ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે ડાયલિસીસ સેન્ટરનો પ્રારંભ થતાં જિલ્લાના ગરીબમાંથી ગરીબ વ્યકિત સહિત તમામ નાગરિકોને ડાયાલિસીસની નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ થતાં વન સ્ટેટ-વન ડાયાલિસીસ, વન નેશન-વન ડાયાલિસીસની વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત રાજય પ્રથમ હોવાનું જણાવ્યું હતું.

શ્રીમતી સુથારે કિડની એ માનવ શરીરમાં ફિલ્ટરનું કામ કરતું હોઇ કિડનીના રોગોમાં ખાસ કરીને ડાયાલિસીસની જરૂરી હોઇ નાગરિકોને નજીકમાં જ ડાયાલિસીસની સેવાઓ મળી રહે તે દિશામાં સરકાર આગળ વધી રહી હોવાનું જણાવી હાલ રાજયમાં ૮૦ ડાયાલિસીસ સેન્ટરો કાર્યરત થઇ ગયા હોવાનું જણાવી આગામી દિવસોમાં હજુ પણ ડાયાલિસીસ સેન્ટરો કાર્યરત કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, હિમોફોબિયા રોગનો ઉલ્લેખ કરી આ રોગમાં લોહમાં ખામી રહેતી હોય છે જેના નિવારણ માટે રાજય સરકાર દ્વારા ૮-૯ દવા તથા ઇન્જેકશનો આપવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે.

લુણાવાડા ખાતે ડાયાલિસીસની સેવાઓ ઉપલબ્ધ થતાં જિલ્લાના નાગરિકોને ડાયાલિસીસ માટે ગોધરા, અમદાવાદ, વડોદરા કે નડીઆદ જવું પડતું હતું તેમાંથી હવે તેઓને મુકિત મળવાની સાથે નાગરિકોના નાણાં અને સમયની પણ બચત થશે તેમ મંત્રી નિમિષાબેન સુથારએ જણાવી આગામી સમયમાં પંચમહાલ ખાતે નવીન મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવી રહી હોવાની જાણકારી આપી રાજય સરકાર રાજયના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે સતત ચિંતિત રહીને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવી રહી હોવાનું કહ્યું હતું.

શ્રીમતી સુથારએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, નિરામય ગુજરાત સહિત રાજય સરકારની આરોગ્યલક્ષી સેવાઓની જાણકારી આપી રાજયમાંથી વર્ષ-૨૦૨૫ સુધીમાં ક્ષય રોગનું નેસ્તનાબૂદ કરવાની સરકારની નેમ વ્યકત કરી રાજય સરકારના ટી.બી. રોગને નેસ્તનાબૂદ કરવાના કાર્યમાં સહભાગી થવા જણાવ્યું હતું.

આજના યુવાનો ખાસ કરીને પાન-ગુટખા-માવા જે ટોનીકની માફક લઇ રહ્યા છે તે પ્રતિ ચિંતા વ્યકત કરી યુવાનોને તમાકુ જેવા વ્યસનોથી દૂર રહેવાની સાથે રાષ્ટ્ર પ્રેમ-ભાવના સાથે નિરામય ગુજરાતની વિભાવનાને સાકાર કરવાના રાજય સરકારના કાર્યમાં સહભાગી થવા અપીલ કરી હતી.

તેમણે વધુમાં ચાલુ વર્ષે રાજય સરકાર દ્વારા મહીસાગર જિલ્લાના વિકાસ માટે રાજય સરકાર દ્વારા વિવિધ વિકાસકામો માટે કરવામાં આવેલ જોગવાઇઓ અને કામગીરીની વિગતો આપી હતી.

મંત્રી સુથારએ જનરલ હોસ્પિટલ ખાતે ડાયાલિસીસ વિભાગનો પ્રારંભ કરાવ્યા બાદ ડાયાલિસીસની સેવાઓ લઇ રહેલ દર્દીઓ સાથે સંવાદ કરી તેઓના ખબર-અંતર પૂછયા હતા.

ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવકએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં લુણાવાડા ખાતે ડાયાલિસીસની સેવાઓ ઉપલબ્ધ થતાં જિલ્લાના નાગરિકોને કિડનીના રોગોની સારવાર માટે અને ખાસ કરીને ડાયાલિસીસ માટે ગોધરા, વડોદરા, અમદાવાદ અને નડીઆદ સુધી જવું પડતું હતું તેમાંથી મુકિત મળતાં આનંદ અને ગૌરવની લાગણી વ્યકત કરી રાજય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

ધારાસભ્ય સેવકે સતત છેવાડાના માનવીથી લઇ બાળકો, વિદ્યાર્થીઓ, યુવાનો અને વયોવૃદ્ધોના આરોગ્યની સતત ચિંતા કરતી કેન્દ્ર-રાજય સરકારની આરોગ્યલક્ષી વિવિધ સેવાઓ ક્ષેત્રે કરવામાં આવી રહેલ અને કરવામાં આવતી કામગીરીની વિગતવાર જાણકારી આપી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારની આ વિકાસ યાત્રામાં સહભાગી થવા જણાવ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોરએ આર્થિક તંગી કે સ્થિતિના કારણે ઘણીવાર ડાયાલિસીસ માટે નડીઆદ, ગોધરા, વડોદરા કે અમદાવાદ ન જઇ શકતાં દર્દીઓ માટે આ કિડનીની લગતી સારવાર માટેની સેવાઓ અહીં ઉપલબ્ધ થતાં જિલ્લાના નાગરિકો માટે આ સેન્ટર આશીર્વાદરૂપ બની રહેશે તેવી આશા વ્યકત કરી વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે જિલ્લાના નાગરિકોની આરોગ્ય સુખાકારી જળવાઇ રહે અને નિરામય ગુજરાત બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. કે. પરમારએ ડાયાલિસીસ સેન્ટરની વિગતો સહિત સેન્ટરમાં ઉપલબ્ધ સારવારની તથા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમની વિગતો આપી વૈશ્વિક યુવા તંબાકુ સર્વે-૪ ફેકટશીટ ગુજરાત-૨૦૧૯માં જોવા મળેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓમાં જોવા મળેલ તંબાકુ વ્યસન પ્રતિ ચિંતા વ્યકત કરી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વ્યસનમુકત બનવાની સાથે સમાજના સર્વેને વ્યસનમુકત સમાજના નિર્માણમાં સહભાગી થવા જણાવ્યું હતું.

પ્રારંભમાં જનરલ હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ડો. જે. કે. પટેલએ સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આઇ.કે.ડી.આર.સી. અમદાવાદ દ્વારા સંચાલિત ગુજરાત ડાયાલિસીસ પ્રોગ્રામ અંતર્ગત અત્યાધુનિક ૧૧ ડાયાલિસીસ વિભાગના ઇ-લોકાર્પણ, રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલ્ન કાર્યક્રમ અંતર્ગત ટીબી પ્રિવેન્ટિવ થેરાપીનો રાજયવ્યાપી અમલીકરણનો પ્રારંભ અને વૈશ્વિક યુવા તંબાકુ સર્વે-૪ ફેકટશીટ ગુજરાત-૧૯ પુસ્તિકાનું મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતેથી વર્ચ્યુઅલી જોડાયેલા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે કરવાના યોજાયેલા કાર્યક્રમનું ઉપસ્થિત સૌએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

# લુણાવાડા પૂજા હોટલના સ્ટાફના ૬ યુવાનો મહિસાગર નદીમાં ન્હાવા જતાં ૩ યુવાનોના ડુબી જતાં મોત





તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

## બે મૃતદેહ મળ્યા એક મૃતદેહની શોધખોળ ચાલું

લુણાવાડા, લુણાવાડા પૂજા હોટલના સ્ટાફના ૬ યુવાનો બપોરના સમયે મહિસાગર નદીમાં ન્હાવા માટે ગયા હતા. ન્હાવા ગયેલ ત્રણે યુવાનો નદીમાં ડુબી જતાં સ્થાનિક તરવૈયાઓ દ્વારા બે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા. હજી એક યુવાનની શોધખોળ ચાલી રહી છે. ઘટનાના પગલે પોલીસ અને ફાયર ફાયટરો સ્થળ ઉપર દોડી આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ લુણાવાડા પૂજા હોટલમાં નોકરી કરતા ૬ યુવાનો બપોરના સમયે મહિસાગર નદીમાં ન્હાવા માટે ગયા હતા. ત્યારે મહિસાગર નદીના પાણીમાં ઉતરતા કુલદીપ બીલવાલ ઉ.વ.૪૩ રહે. હરીયાણા, વિકી સમરી ઉ.વ.૨૨ ઉત્તરાખંડ,અને વસીર ઈન્દ્ર બહાદુર પાંડે ઉ.વ.૨૩ નેપાળ પાણીમાં ડુબી ગયા હતા. સ્થાનિક તરવૈયાઓ દોડી આવ્યા હતા. અને પાણીમાં ડુબેલ ત્રણ યુવાનો પૈકી બે ના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે એક યુવાનના મૃતદેહની શોધખોળ ફાયર ફાયટરો દ્વારા કરવામાં આવી રહી છે. મહિસાગર નદીમાં ન્હાવા પડેલ ત્રણ યુવાનો ડુબી જવાની ઘટનાને લઈ લુણાવાડા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. મહિસાગર નદીમાં હોળીના તહેવાર બાદ અત્યાર સુધી ૧૩ યુવાનોનું ડુબી જવાથી મોત થયા છે.

# વિરપુરના વધાસ ગામે તળાવ સુકાઈ જતા પાણીમાં વસવાટ કરી રહેલ મગર ગાયબ

વિરપુર, વિરપુર તાલુકાના વધાસ ગામમાં આવેલા તળાવમાં બે વર્ષથી બે મગરો વસવાટ કરતા હતા. આ વર્ષે નહિવત વરસાદના કારણે ઉનાળાની શરૂઆતથી જ પાણી સુકાઈ જતા મગરો અચાનક અદ્રશ્ય થઈ ગયા છે.

આ મગરો કયાં ગયા તે વનવિભાગ દ્વારા શોધખોળનો વિષય બન્યો છે. છેલ્લા બે વર્ષથી આ તળાવમાં બે મગરો વસવાટ કરતા હતા પરંતુ આ બંને મગરોએ કયારેય માનવ કે પશુધનને નુકસાન પહોંચાડ્યુ નથી. આ મગરો સાંજે અને સવારના સમયે તળાવના કિનારે જોવા મળતા હતા. પરંતુ છેલ્લા દસ દિવસથી તળાવમાં પાણી સુકાઈ જતા મગરો કયાં જોવા મળ્યા નથી. આ અંગે કોયડમના ઈન્ચાર્જ ફોરેસ્ટરે જણાવ્યુ હતુ કે, અત્યારે તળાવમાં પાણી ખુબ ઓછુ થયુ છે પાણી સુકાઈ જતા મગર આજુ બાજુના વનવિસ્તારમાં સ્થળાંતર આપે મેળે કરતા હોય છે. અને વરસાદી પાણીની આવક તળાવમાં થતાં પાછા આવી જતા હોય છે. આ સમય દરમિયાન રહેણાંક વિસ્તારમાં મગર આવ્યાની કે માનવજાત કે કોઈ પશુધનને નુકસાન થયાની કોઈ ફરિયાદ આવેલ નથી.

# નાની સરસણ પ્રાથમિક શાળામાં સરસ્વતી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ યોજવામાં આવ્યો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાની નાની સરસણ પ્રા. શાળામાં સ્ટાફ પરિવાર તથા જખઈ સભ્યોના સહયોગથી સરસ્વતી મંદિરમાં મૂર્તિ સ્થાપન કાર્યક્રમ યોજાયો. જેમાં SMCના સભ્યો, ગામના અગ્રણીઓ, સી.આર.સી. કોઓડીનેટર તથા શાળાના બાળકોની ઉપસ્થિતિમાં નૂતન સરસ્વતી મંદિર વિધિવત રીતે ખુલ્લું મુકવામાં આવ્યું.

# સંતરામપુર તાલુકામાં ૭૩ લાખની વેરા વસુલાત કરાઈ

સંતરામપુર, રાજયભરની નગરપાલિકા દ્વારા બાકી વેરા વસુલાત માટે વિવિધ યોજનાઓ બહાર પાડી વેરા વસુલાત કરવામાં આવી હતી. જે અંતર્ગત પાલિકાએ નાણાંકિય વર્ષનો રૂ.૭૩ લાખનો વેરો વસુલી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે. પાલિકાના ચીફ ઓફિસરના માર્ગદર્શનથી કર્મચારીઓ દ્વારા બાકી વેરા વસુલાત માટે નગરના અલગ અલગ વોર્ડમાં જઈ વેરાદારોને બાકીનો વેરો ભરપાઈ કરી યોજનાનો લાભ જણાવ્યો હતો. લોકો પાસેથી પાણીવેરો, ઘરવેરો, લાઈટવેરો સહિતના વેરાઓ વસુલાત કરવામાં આવ્યા હતા. જેમાં પાલિકાએ ૩૧ માર્ચ સુધીમાં રૂ.૧૧૨ લાખના બાકી વેરા સામે રૂ.૭૩ લાખનો વેરો ઉઘરાવી ૬૫ ટકા વેરો ઉઘરાવી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે.

# કડાણા ડેમમાં મચ્છી મારવાનો કોન્ટ્રાકટ ધરાવતા વિસ્તાર માંથી ગેરકાયદેસર માછલી મારી લઈ જતા આરોપી વિરૂદ્ધ લેખિત ફરિયાદ

સંતરામપુર, મહિસાગર જીલ્લાના કડાણા ડેમના ૯૦૦૦ હેકટર વિસ્તારમાં મચ્છી મારવાનો ફરિયાદી કોન્ટ્રાકટ ધરાવતા હોય ત્યારે આવા મચ્છી મારવાના ઈજારો ધરાવતા કડાણા ડેમ માંથી ૫૦ કિલો નાની માછલી ગેરકાયદેસર ચોરી કરી પકડાઈ જતા સંતરામપુર પોલીસ મથકે લેખિત ફરિયાદ આપવામાં આવી.

મહિસાગર જીલ્લાના કડાણા ડેમના ૯૦૦૦ હેકટર વિસ્તારમાં યુસુફભાઈ પરમાર મચ્છી મારવાનો કોન્ટ્રાકટ ધરાવતા હોય અને કડાણા ડેમ માંથી મચ્છી પકડવાની કામગીરી કરાતી હોય છે. ત્યારે ૭ એપ્રિલના ખેડાપા ચેકપોસ્ટ પાસેથી બાઈક પસાર થતા નિશાર ગુલામ દાઉદ જે ૫૦ કિલો નાની માછલી સાથે પકડાઈ ગયેલ હતા. જે ગેરકાયદેસર રીતે ડેમ માંથી ચોરી કરેલ હોય આ બાબતે સંતરામપુર પોલીસ મથકે લેખિત ફરિયાદ આપવામાં આવી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

વૃષભ : આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

મિથુન : આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

કર્ક : તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.સાંજે અને રાત્રિ દરમિયાન પ્રિયજનો સાથે મુલાકાત પણ થઈ શકે છે.

સિંહ : આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

કન્યા : કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે,

તુલા : આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિક : આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે. બપોર પછી, કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

ધન : આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

મકર : આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો. પતિ-પત્ની વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ થઈ શકે છે.

કુંભ : આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે. પ્રિય મહેમાનોને રાત્રે આવકારવા માટેનો યોગ બની રહ્યો છે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે. સાંજથી મોડી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળી શકે છે.

## સરકારી તબીબોના આંદોલનનો ચોથો દિવસ

# ગરીબ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા મજબૂર બન્યા, ડૉક્ટરો પોતાની માગ પર અડગ

અમદાવાદ, ફરી એકવાર રાજયભરના સરકારી ડોકટર હડતાળ પર છે. રાજયભરના અંદાજે ૧૦ હજાર સરકારી ડોકટર અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. સરકારે વારંવાર પડતર માગણીઓ પુરી કરવા અંગે બાંહેધરી આપવા છતાં માગણીઓ પુરી ના થતા ડોક્ટરોને આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે. રાજ્યની સરકારી, GMERS સંચાલિત કોલેજ તેમજ PHC સેન્ટરના ડોકટરો તમામ પ્રકારના કામકાજથી અળગા રહી વિરોધ કરી રહ્યા છે. ત્યારે રાજ્યભરના સરકારી ડોકટરોની હડતાળનો ચોથો દિવસ છે. સરકાર તરફથી હડતાળ પૂર્ણ થાય એ દિશામાં હજુ સુધી કોઈ પ્રયાસ કરાયો નથી. તો બીજી તરફ, રાજયભરના સરકારી ડોકટરો આ વખતે ઠરાવ ના થાય ત્યાં સુધી હડતાળ ના સમેટવા મક્કમ છે. પરંતુ સરકારી ડોકટરો હડતાળ પર હોવાથી દર્દીઓ પરેશાન થયા છે. અનેક ઓપરેશન રદ કરવાની ફરજ પડી રહી છે. ગરીબ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા મજબૂર થઈ રહ્યા છે. સરકારી હોસ્પિટલમાં દર્દીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ હોવા છતાં સમયસર દર્દીઓને સારવાર આપવામાં તંત્ર નિષ્ફળ થઈ રહ્યું છે.

રાજયભરના સરકારી ડોકટરોના સમર્થનમાં અમદાવાદ મ્યુનિસિપલ સંચાલિત કોલેજના ડોકટર્સ આવ્યા છે. છસ્ઝ સંચાલિત કોલેજના ડોકટર્સ પણ એક દિવસની હડતાળ કરી છે. એનએચએલ, શારદાબેન, એલ.જી. હોસ્પિટલના ડોક્ટરો પણ હડતાળ પર ઉતર્યા છે. ત્યારે હવે એએમસી સંચાલિત હોસ્પિટલમાં પણ ડોક્ટર્સ હડતાળ પર હોવાથી સારવાર માટે દર્દીઓને સમસ્યા સર્જાશે. ૪૫૦ એએમસીના ડોકટરો પણ સરકારી ડૉક્ટર્સના સમર્થનમાં હડતાળ પર ઉતર્યા છે.

રાજયભરમાં ડોક્ટરોની હડતાળ યથાવત છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ડોક્ટરોનો અનોખો વિરોધ જોવા મળ્યો. ઓપીડી ચાલુ રાખનાર ડોક્ટરોને અન્ય ડોક્ટરોએ બંગડી આપી હતી. ડોક્ટરોને બંગડી આપી કામથી અળગા રહેવા અપીલ કરી હતી. તો જામનગરમાં સરકારી તબીબો પણ અચોક્કસ મુદતની હડતાળ કરી સાથ પૂરાવી રહ્યાં છે. જી.જી.હોસ્પિટલ કેમ્પસ ખાતે તબીબો દ્વારા આજે હવન દ્વારા અનોખો વિરોધ દર્શાવાયો છે. જામનગર મેડિકલ અને ડેન્ટલના ૨૨૫ થી વધુ તબીબો હડતાળમાં જોડાયા છે. સૌરાષ્ટ્રની સૌથી મોટી જી.જી.હોસ્પિટલમાં તબીબોની હડતાલના પગલે ઓપીડી અને ઈમરજન્સી સહિતની આરોગ્ય સેવાઓને ભારે અસર થી રહી છે.

વારંવાર થઈ રહેલી હડતાળ મામલે ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડોક્ટર રજનીશ પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨થી પડતર માગણીઓ માટે સરકાર સાથે વાટાઘાટો કરી રહ્યા છીએ. સરકારે અમને ૩૧ માર્ચ સુધીમાં અમારી પડતર માંગો અંગે ઠરાવ કરી દેવાશે તેવી બાંહેધરી આપી હતી. સરકારે માગેલા સમયમર્યાદા બાદ પણ અમારી માગણીઓ પુરી થઈ નથી. પડતર પ્રશ્નોના નિરાકરણ મામલે સરકારે અત્યાર સુધીમાં ૪ વખત અમને આશ્વાસન આપ્યું છે. સરકાર અમારી પડતર માગણીઓ મૌખિક રીતે સ્વીકારે છે ત્યારબાદ તેને પુરી કરાતી નથી. પૂર્વ સીએમ, ડેપ્યુટી સીએમ દ્વારા અમારી પડતર માગણીઓ અંગે ઠરાવ કરી દેવાયા બાદ નવી સરકારમાં અમારી માગણીઓ અંગેનો ઠરાવ રદ થાય છે. અમે હડતાળ કરીએ એટલે અમારી માગણીઓ માની લેવાય છે, સરકારે માગણીઓ માની લીધી છે એવી જાહેરાતો કરી દેવામાં આવે છે. છેલ્લા ૩ મહિનાથી રાજ્યના તમામ ડોકટરો સરકારના આશ્વાસન અને વચન પર વિશ્વાસ રાખી પડતર માગણીઓનો ઉકેલ આવશે એવી આશાએ વારંવાર હડતાળ રદ કરતા રહ્યા છે. અમારી પડતર માગણીઓ અંગે આજદિન સુધી કોઈ પણ આદેશ સરકારે કર્યા નથી. અમારે કોની પર વિશ્વાસ કરવો એ સમજાતું નથી, અમારી સાથે વિશ્વાસઘાત થયો છે. હવે આખરી ઠરાવ ના થાય ત્યાં સુધી હડતાળ ના સમેટવા ડોકટરો મક્કમ બન્યા છે.

# ઈન્દોર-અમદાવાદ હાઈવે ઉપર લીમખેડા નજીક વિચિત્ર અકસ્માત ચાર વાહનો ટકરાયા સદ્દનસીબે જાનહાનિ ટળી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા નજીક ઇન્દોર અમદાવાદ નેશનલ હાઇવે પર એક વિચિત્ર માર્ગ અકસ્માત સર્જાયો છે. જેમાં એક પછી એક ચાર ગાડીઓ આગળ પાછળ ટકરાતા વાહનો ક્ષતિગ્રસ્ત બનવા પામ્યા છે. જોકે આ બનાવમાં સદ્દભાગ્યે કોઈ જાનહાની બનવા પામી ના હતી ગાડીમાં સવાર ચાલકોને સામાન્ય ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે દવાખાને ખસેડવામાં આવ્યા છે. જોકે, આ બનાવની જાણ લીમખેડા પોલીસને થતા લીમખેડા પોલીસે ઘટના સ્થળે પહોચી કાર્યવાહીમાં જોતરાઈ છે અને આગળની વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દજોદ જિલ્લાના લીમખેડા બાયપાસ દેગાવાડા ગામેથી ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર ઈજાક્રેક્ટ્રિક બેચ પર લાગેલી GJ27X 0685 નંબરની ઈકો ગાડીના ચાલકે પોતાનું વાહન બાયપાસ રોડ પર રોડ ક્રોસ કરવા જતા સમયે પાછળથી લાઈનમાં આવી રહેલી GJ23X 1323 નંબરના આઇસર ચાલકે ઈકો ગાડીને ટક્કર મારી હતી ત્યારબાદ આઇસર ગાડીની પાછળ આવી રહેલા UP 78 DN 0779 નંબરના અશોક લેલંડ ટ્રકે આયસરને અડફેટે લીધી હતી એની પાછળ આવી રહેલી MH49 AS 0574 સ્કોર્પિયો ગાડી પાછળથી ટ્રકમાં ઘુસી ગઈ હતી. આમ એકની પાછળ એક આવી રહેલા વાહનો વચ્ચે વિચિત્ર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાલકોને ઓછી વત્તી ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે નજીકના હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, આ મામલાની જાણ લીમખેડા પોલીસને થતા લીમખેડા પોલીસે ઘટના સ્થળે પહોંચી અકસ્માતમાં ક્ષતિગ્રસ્ત થયેલા વાહનોને ક્રેન મારફતે ખસેડી વાહન વ્યવહાર પૂર્વત કર્યો હતો અને આ મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ જિલ્લા એસ.ટી (નિવૃત્ત) કર્મચારી પેન્શનર સેવા મંડળ દ્વારા કંબોઈ ધામ ખાતે બેઠકનું આયોજન કરાયું

ફતેપુરા,

ગુજરાત એસ.ટી નિગમ માંથી નિવૃત્ત કર્મચારીઓ છેલ્લા ચાર વર્ષ ઉપરાંતથી મળવાપાત્ર પેન્શન માટે લાગતા-વળગતા તંત્રોને અનેકવાર રજૂઆતો કરી ચૂક્યા હોવા છતાં તેમની રજૂઆતો પ્રત્યે ધ્યાન નહીં અપાતા દાહોદ જિલ્લા એસ.ટી નિવૃત્ત કર્મચારી પેન્શન સેવા મંડળ દ્વારા આગામી સમયમાં દાહોદ જિલ્લાના લીંબડી પાસે આવેલ કંબોઈ ધામ ખાતે એસ.ટી.ના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.જેમાં મોટી સંખ્યામાં એસ.ટી ખાતાના નિવૃત્ત કર્મચારીઓ હાજર રહેનાર હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ગુજરાત એસ.ટી નિગમમાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓને હાલમાં મળતું પેન્શન રૂપિયા ૧૦૦૦/-થી ૧૪૦૦/- સુધી મળી રહ્યું છે. જેથી નિવૃત્ત થયા બાદ જીવનનિર્વાહ ચલાવો કઠિન છે. જોકે એસટી નિગમના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા તમામ તંત્રોને રજૂઆતો પણ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં પરિપત્ર જાહેર કરી તારીખ ૦૧/૦૩/૨૦૦૦ ઠરાવ ક્રમાંક પસન/૧૦૨૦૦૮/ડી-૩૫૪/પી થી મળવાપાત્ર સો ટકા પેન્શનનો લાભ આપવા સરકાર દ્વારા ઠરાવવામાં આવેલ છે.છતાં તે પ્રત્યે ધ્યાન આપવામાં નહીં આવતું હોવાનું જાણવા મળે છે.ત્યારે એસ.ટી.નિગમના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકારના નિયમોનુસાર પરિપત્રના આધારે પેન્શન વધારો કરી આપવાની માંગ સાથે દાહોદ જિલ્લા એસ.ટી નિવૃત્ત કર્મચારી પેન્શન સેવા મંડળ સંજેલી દ્વારા પેન્શન વધારાના જે કાંઈ પ્રશ્નો હોય તેની આગળની ચર્ચા વિચારણા કરવા માટે બાયો ચડાવી છે.અને દાહોદ જિલ્લાના લીમડી પાસે આવેલ કંબોઈ ધામ ખાતે તારીખ ૧૫/૦૪/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં સરકાર સામે પેન્શન બાબતે પડતર પ્રશ્નો દૂર કરવાની માંગ કરવામાં આવશે.તેમજ જે કોઈ નિવૃત્ત પેન્શનરોને પેન્શન બાબતે પ્રશ્નો હશે તે બાબતે ચર્ચા-વિચારણા કરી સરકાર સુધી પહોંચાડવા અને ન્યાય મેળવવા મંડળના પ્રમુખ સોમાભાઈ ડી. કટારા સંજેલી નાઓ દ્વારા જાણવા મળ્યું છે.

# ખેડા-આણંદમાં ચોરીના ૮ ગુનામાં વોન્ટેડ છરછોડાનો રતન ઝડપાયો

દાહોદ,

દાહોદ એસ.પી. બલરામ મીણાએ જીલ્લામા ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓ- ઝડપી પાડવા માટે ડ્રાઈવનુ આયોજન કરી તેની અસરકારક કામગીરી કરવા માટે એલસીબી પીઆઇ બી.ડી.શાહને સુચના અને માર્ગદર્શન કર્યુ હતું. જે અનુસંધાને એલસીબી પીઆઇ બી.ડી.શાહ તથા પીએસઆઇ એમ.એફ. ડામોર, પીએસઆઇ એન.એન. પરમાર અને સ્ટાફ જિલ્લામા ફરાર આરોપીઓની માહિતી એકત્રિત કરી તેઓને ઝડપવા માટે પ્લાન બનાવી ડ્રાઈવની કામગીરીમાં હતા. તે દરમિયાન બુધવારના રોજ એલ.સી.બી.ની ટીમ જેસાવાડા વિસ્તારમા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ડ્રાઈવમા નીકળી હતી.

તે દરમિયાન ખેડા જિલ્લા તેમજ આણંદ જિલ્લાના ઘરફોડ ચોરીના ગુનાઓમા છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી ગરબાડા તાલુકાના છરછોડાનો રતના નારસિંગ ભાભોર તેના ઘરે આવ્યો હોવાની બાતમી મળી હતી. જે બાતમી આધારે એલ.સી.બી.ની ટીમે વ્યુહાત્મક રીતે આયોજનબદ્ધ વોચ ગોઠવી આરોપીને તેના ઘરેથી ઝડપી પાડી હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરવા માટે ખેડા જિલ્લાના નડીયાદ પશ્ચિમ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી. ઝડપાયેલો આરોપી સામે નડીયાદ પશ્ચિમમાં અને રૂરલમાં ૧-૧, નડીયાદ ટાઉન, વિદ્યાનગર, ભાદરણ પોલીસમાં ૨-૨ ગુના મળી કુલ ૮ ગુના નોંધાયેલા છે.

# ઝાલોદ નગરના સફાઈ કામદારો દ્વારા અચોક્કસ મુદ્દતની હડતાળ



ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકામા કામ કરતા સફાઈ કામદારો અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરેલ છે. કિરીટભાઈ જયંતિભાઈ પીઠાયા દ્વારા એક અરજી નગરપાલિકામા આપેલ છે તેમાં જણાવવામાં આવેલ છે કે, જુના સફાઈ કામદારોને કાયમી કરવા અને હાલ નગરપાલિકા દ્વારા ફિક્સ પગાર પર કાયમી ભરતી હાથ ધરેલ છે. તે ભરતી પ્રક્રિયા અટકાવવામા આવે જેથી વર્ષોથી જે સફાઈ કર્મચારી નગર સેવા સદનમા કામ કરે છે તેમને અન્યાયના થાય, જુના સફાઈ કામદારો દ્વારા હાઈકોર્ટમાં કાયમી થવા અંગે પીટીશન દાખલ કરેલ છે. તે અંગે ચુકાદો ના આવે ત્યાં સુધી કોઈ પણ જાતની ભરતી પ્રક્રિયા ના કરવા સેવાસદનને એક અરજી દ્વારા જણાવવામાં આવેલ છે.

નગરપાલિકાના સફાઈ કામદારોને વોર્ડ નંબર ૩ ના કાઉન્સિલર મુકેશભાઈ લલ્લુભાઈ ડામોર દ્વારા તેમને સમર્થન જાહેર કરેલ છે, જૂના સફાઈ કામદારોને અન્યાય ના થાય અને તેમની રોજી રોટીના છીનવાય તે હેતુથી મુકેશભાઈ દ્વારા સમર્થન જાહેર કરેલ છે.

# ઝાલોદના પીપલેટ ગામે ચુંટણી સંબંધી અદાવતમાં ૪૫ ના ટોળાએ મારક હથિયાર સાથે ધીંગાણું મચાવતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પીપલેટ ગોમ સરપંચની ચુંટણી સંબંધી ૪૫ જેટલા ઈસમોના ટોળાએ ગેરકાયદે મંડળી બનાવી હાથમાં મારક હથિયારો ધારણ કરી ગામમાં રહેતાં એક વ્યક્તિના ઘરે આવી ભારે ધિંગાણું મચાવી મહિલા સહિત ત્રણ જણાને હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૦૫મી એપ્રિલના રોજ પીપલેટ ગામે રહેતાં રમેશભાઈ ખાનાભાઈ ડામોર, અરવિંદભાઈ રામુડાભાઈ ડામોર, ગોરસીંગભાઈ ટીટાભાઈ ડામોક, લીમાભાઈ કાળીયાભાઈ ડામોર, કૃણાલભાઈ રમેશભાઈ ડામોર, હકરીયાભાઈ ટીટાભાઈ ડામોર તથા તેમની સાથે બીજા ૪૦ જેટલા ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી, કીકીયારીઓ કરી, ગેરકાયદે મંડળી બનાવી ગામમાં રહેતાં કૈલેશભાઈ તાનસીંગભાઈ ડાંગીના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમે પણ ચુંટણી લડવાના છીએ, તમોને સરપંચની ચુંટણીમાં ફોર્મ ભરવા દેવાના નથી, તેમ કહેતાં કૈલેશભાઈના પરિવારમાંથી અલ્કેશભાઈએ કહેલ કે, ચુંટણી લડવાનો અધિકાર તમામને છે, અમે પણ ફોર્મ ભરવાના છીએ, તેમ કહેતાં ઉપરોક્ત ટોળુ એકદમ ઉશ્કેરાઈ ગયું હતું અને અલ્કેશભાઈને, કૈલેશભાઈને અને રવિનાબેનન ધારીયા વડે, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપી ટોળુ નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કૈલેશભાઈ તાનસીંગભાઈ ડાંગીએ ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ તાલુકા સંઘની એક બેઠકમાં વધુ દાવેદાર થતાં ચુંટણી યોજવા ચુંટણી પંચની રચના કરાઈ

દાહોદ,

દાહોદ તાલુકા સંઘના જિલ્લા પ્રતિનિધિની એક બેઠક માટે એક કરતા વધુ દાવેદારો ઉભા થતાં જિલ્લા પ્રતિનિધિની સર્વાનુમતે નીમુંણક ન થઈ શકી હતી. જેમાં પરિણામ સ્વરૂપ જોગવાઈઓ અનુસાર લોકશાહી ઢબે ચૂંટણી યોજાવાની હોઈ ચૂંટણીપંચની રચના કરી ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

દાહોદ તાલુકા પ્રાથમિક સંઘની ગત તારીખ ૦૫/૦૪/૨૦૨૧ ના રોજ સામાન્ય સભા મળી હતી. જેમાં જિલ્લા પ્રતિનિધિની એક બેઠક માટે વરણી કરવાનું નક્કી કરવાનું હતું. પરંતુ જિલ્લા પ્રતિનિધિની એક બેઠક માટે એક કરતાં વધુ દાવેદારો ઉભા થતાં જિલ્લા પ્રતિનિધિની સર્વાનુમતે ના કરી શકી હતી.જેના પરિણામ સ્વરૂપ લોકશાહીની ઢબે ચૂંટણી યોજવાની પરિસ્થિતિ આવી બનતા ચૂંટણી પંચની રચના કરવામાં આવી હતી. જેમાં ચૂંટણી પંચની નિઘરાણી હેઠળ ચૂંટણીની તારીખો માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં ચૂંટણી લડવા ઉભા થયેલા ઉમેદવારોએ તા.૦૭/૦૪૨૦૨૨ ના રોજ ૧૨થી ૧ ના ગાળામાં તાલુકા પ્રાથમિક શિક્ષણ સોસાયટી ગોવિંદ નગર ખાતે ઉમેદવારીપત્ર મેળવવાના રહેશે. ત્યારબાદ ઉમેદવારીપત્ર રજુ કરવાની તેમજ ઉમેદવારીપત્ર ચકાસણી તા.૦૭.૦૪.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલી છે. ત્યાર બાદ આગામી તા.૦૮.૦૪.૨૦૨૨ ઉમેદવારીપત્ર પાછો ખેંચવા તેમજ ઉમેદવારોની આખરી યાદી તૈયાર કરવામાં આવશે.જ્યારે આગામી ૧૨મી એપ્રિલના રોજ સવારના ૧૨:૩૦ થી સાંજના ૫ વાગ્યા સુધી મતદાન કરી શકાશે. તેમજ તે દિવસ મતદાન બાદ મત ગણતરી તેમજ પરિણામ જાહેર કરવામાં આવશે.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસે હેલ્થ ની જાળવણી અંગે કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરની વિશ્વ વિખ્યાત, અદ્યતન દ્રષ્ટિ નેત્રાલય ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસે હેલ્થની જાળવણી અંગે કાર્યક્રમ યોજાયો હતો.


જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના પેરા લિગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકીએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા પૂરી પડાતી કાનૂની સહાય, માર્ગદર્શન અને સરળ, ઝડપી, ખર્ચ મુકત થતાં સમાધાનની જાણકારી પૂરી પાડી હતી.

દૃષ્ટિ નેત્રાલયના ડો.ઋગ્ણાણી એ ઉપસ્થિત દર્દીઓને સ્વસ્થ રહેવા માટે વિસ્તૃત માહિતી આપી હતી. દૃષ્ટિ નેત્રાલયનાં ડાયરેક્ટર ડો.શ્રેયાબેને વિશ્વ આરોગ્ય દિવસે દવાખાનામાં ઉપસ્થિત દર્દીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# સંજેલીના એડવોકેટને હાંડી ગામે રોકીને ગડદાપાટુનો માર માર્યો

સંજેલી,

સંજેલીના પંચાલ ફળિયામાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા દિવાકર મનહર પંચાલ સીંગવડ થી સંજેલી તરફ અલ્ટો ગાડી લઈને આવતા હતા. તે દરમિયાન હાંડી ગામે નદીના પુલ પર લાખા નરસિંહભાઈ રૂપાભાઈ જશુભાઈ દિનેશભાઈ બારિયાઓએ તેમની તુફાન ગાડી લઈને વકીલ ની ગાડીની ઓવરટેક કરી ગાડી રોકી હતી. રૂપાભાઈ બારીયાએ અલટો ગાડીનો દરવાજો ખોલી દિવાકર વકીલને ઝાપટ મારી હતી. તેમજ જશું અને દિનેશ દ્વારા PVC પાઈપના ઘા મારી વકીલને ઈજા પહોંચાડતા દિવાકર પંચાલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સિંગવડ પોલીસે ૪ ગુનેગાર વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હુમલાખોરો સામે કડકમાં કડક કાર્યવાહીની માંગને લઈને બાર એસો દ્વારા આવેદન આપવામાં આવ્યું. સંજેલી બાર એસોસિએશનના સભ્ય એવા સંજેલીના એડવોકેટ ઉપર સામા પક્ષકારો ઉશ્કેરણીથી તેમના દીકરાઓ દ્વારા હાંડી ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આગળ હુમલો કરી તથા ગડદાપાટુનો મારમારી મારી નાખવાની ધમકી સંજેલીના વકીલ દિવાકર પંચાલને આપી વકીલ લીમખેડા કોર્ટમાં ગયા હતા. ત્યાં મોટી હાંડી ગામના સિવિલ કેસના સામા પક્ષકાર લખાભાઈ નરસિંહભાઈ બારીયા દ્વારા ધમકી આપવામાં આવી હતી. ત્યાર બાદ તેઓ પરત સંજેલી આવતા સમય હાંડી ગામે સામાપક્ષકાર તુફાન ગાડી લઈને આવેલા તેમના પુત્રોએ વકીલનું વાહન અટકાવી હુમલો કરી પાઈપો વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામા આવે તેવી માંગણી કરવામાં આવી.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી મથકે આવેલ આવેલ જય અંબે એજયુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ છેલ્લા ૧૬વર્ષથી કાર્યરત છે. જેમાં ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કુલ પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે. તેમજ અનાથ, અપંગ અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે. જય અંબે એજયુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી ના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા અનાથ વિદ્યાર્થીઓને ભણવામાં મુશ્કેલી ના પડે એ હેતુસર પુસ્તકોનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ ને વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# આરોગ્ય અધિકારી, કર્મચારીઓની રજૂઆતને પગલે તાત્કાલિક આરોગ્ય મંત્રીને ભલામણ કરતાં દંડક રમેશભાઈ કટારા


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દાહોદ જીલ્લા સહિત રાજય માં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પડતર પ્રશ્નોને લઈ હડતાળ પર ઉતર્યા છે અને માંગણીઓ સરકાર દ્વારા પૂરી કરવામાં આવે તે બાબતે આરોગ્ય અધિકારીઓએ દંડક અને ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારાને આવેદન પત્ર આપ્યું હતું. જેમાં પડતર પ્રશ્નો તાત્કાલિક હલ કરવા માટે કાર્યવાહી કરવા ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા એ આરોગ્ય કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારને પત્ર લખી કાર્યવાહી કરવા ભલામણ કરી હતી. કોરોના મહામારીમાં આરોગ્ય કર્મીઓએ પોતાની અને પરિવારની પણ ચિંતા કર્યા વગર જીવના જોખમે સેવા આપી હતી. જેમાં સરકાર દ્વારા સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. જેથી આરોગ્ય અધિકારી અને કર્મચારીઓની પડતર પ્રશ્નોને દયાને લઈ નિરાકરણ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# દાહોદ જીલ્લામાં મહુડાના ફુલ વીણીને રોજગારી મેળવી રહ્યા છે

દાહોદ,

કલ્પવૃક્ષમાંથી ખરતા મોતી રૂ. ૨૫ના કિલો મહુડાના ફૂલ વીણીને રોજગારી મેળવતા આદિવાસીઓ વનરાજીથી ઘેલાયેલા દાહોદ જિલ્લામાં જંગલોની ગૌણ પેદાશમાં વાંસ, ઘાસ, ટીંબરૂના પાન, મહુડાના ફુલ, ડોળી વિગેરે મુખ્ય છે. મહુડાનું વૃક્ષ આદિવાસી વિસ્તારમાં કલ્પવૃક્ષ સમાન ગણાય છે. હાલ મહુડાની સીઝન પૂરભરમાં ખીલી છે. વૃક્ષ ઉપરથી મોટી સ્વરૂપે પાટલા ફૂલ વીણીને હાલ આર્થિક ઉપજે મેળવાઈ રહી છે. હાલ મહુડાના વૃક્ષ ઉપર ફૂલ લાગી ગયા છે.મોટા પ્રમાણમાં ફૂલો વૃક્ષો ઉપરથી ખરે છે. જેને દરરોજ ત્રણથી ચાર કલાકની મહેનત કરી વીણ્યા બાદ સુકવીને વેચવામાં આવે છે. ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકામાં મહુડાના વૃક્ષ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં ધાનપુરના રતનમહાલ, ધાનપુરથી દેવગઢ બારિયા જતાં રસ્તે અને દેવગઢ બારિયાના સાગટાળા વિસ્તારમાં મહુડાના વૃક્ષ જોવા મળે છે. મહુડાના ફુલ વીણીને આ સીઝનમાં સંખ્યાબંધ પરિવારો રોજગારી મેળવી રહ્યા છે. હાલ મહુડાના વૃક્ષ ઉપરથી પડેલા ફુલ મોતી જેવી આભા સર્જે છે અને ખરેખર આ સીઝનમાં ધાનપુર અને સાગટાળા વિસ્તારની પ્રજા માટે તે મોતી સમાન જ સાબિત થઈ રહ્યા છે.

# દાહોદ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાને સમર્થન આપવાવામાં આવ્યું



દાહોદ,

હાલના સમયમાં ગાંધીનગર ખાતે ચાલી રહેલ વિદ્યાસહાયકોના આંદોલન ને સમર્થન આપવા માટે અને તેમના અવાજને વધુ બુલંદ કરવા માટે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા તેમના આંદોલનમાં મુલાકાત હેતુ ગયેલ હતા ત્યારે યુવરાજસિંહ જાડેજા (ગોંડલ) ની ગાંધીનગર ખાતે ધરપકડ કરવામાં આવી છે. તેમજ તેમના ઉપર પોલીસની હત્યાના પ્રયાસનો ગુનો અને એવી અન્ય કલમો લગાવીને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા છે. લાખો વિદ્યાર્થીઓનો અવાજ અને સરકારી ભરતીઓ અને પરીક્ષાઓમાં થઈ રહેલ ભ્રષ્ટાચાર સામે અડીખમ રીતે અવાજ ઉઠાવનાર યુવરાજસિંહ પર લગાવવામાં આવેલ આરોપો તદ્દન ખોટા છે અને સરકાર તેમને ખોટી રીતે બદનામ કરવાનો પ્રયત્ન કરી રહી છે. ત્યારે સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે યુવરાજસિંહ ને મુક્ત કરવામાં આવે તેવી માંગણી ગુજરાત સરકારના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સુધી પોહચાડવા આવી છે અને વિદ્યાર્થીઓ અને યુવાનો હંમેશા યુવરાજસિંહના સમર્થનમાં રહેશે એવું જણાવવામાં આવ્યું.

# ઝાલોદ કાઉન્સિલર હત્યાના કેસમાં જામીન મુકત થયેલ શખ્સને પાસા હેઠળ ઝડપી જેલમાં ધકેલાયો

ઝાલોદ,

ઝાલોદમાં અત્યંત ચર્ચાસ્પદ બનેલા નગરપાલિકાના કાઉન્સિલર હિરેન પટેલ હત્યા કેસમાં જામીન ઉપર મુક્ત થયેલા મધ્યપ્રદેશના એક શખ્સને દાહોદ રેલ્વે સ્ટેશન પરથી ઝાલોદ પોલીસે ઝડપી પાડી પાસા હેઠળ સુરતની લાજપુર જેલમાં મોકલી આપ્યો હતો.હિરેન પટેલ હત્યા કેસમાં પોલીસે એકથી વધુ ઈસમો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મોટાભાગના આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. જે પૈકી કેટલાક આરોપીઓ જામીન ઉપર છુટી ગયા હતા. જયારે કેટલાક હાલમાં જેલમાં છે. દરમિયાન તાજેતરમાં જામીન ઉપર છુટેલા બાલારામ ભુવનજી ભીલવાડ ચંદ્રવંશી વાઘરી(રહે.લખા ખેરડી ગામ, તા.મહીદપુર, જિ.ઉજજૈન)ની વિરુદ્ધ ઝાલોદ પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જે જિલ્લા કલેકટરે મંજુર કરત પોલીસે તેને દાહોદ રેલ્વે સ્ટેશનને બહારથી ઝડપી લઈ પાસા હેઠળ ધરપકડ કરી સુરતની લાજપુર જેલમાં મોકલી આપ્યો છે. મધ્યપ્રદેશના એક શખ્સને દાહોદ રેલ્વે સ્ટેશન પરથી ઝાલોદ પોલીસે ઝડપી પાડી પાસા હેઠળ સુરતની લાજપુર જેલમાં મોકલી આપ્યો હતો.

# ફઝાઈ લે રમઝાન શરીફ

તિર્મિઝી શરીફ જિલ્દ દોસમ સફા નં.૬૭ કી હદીસે-પાક હૈ કે અલ્લાહ કે પ્યારે મેહબુબ દાન ગુયુબ અમહદે મુજતબા સલ્લલ્લા હો અલય હે વ સલ્લમુદા ફરમાને આલીશાન હૈ કે બેશક કયામત કે દિન લોગો મે સબસે ઝિયાદા મેરી કરીબ યો શખ્સ હોગા જો મુઝ પર સબસે ઝિયાદા દુરૂદ ભેજતા હે પ્યારે પ્યારે ઈસ્લામી ભાઈયો અલ્લાહ તબારક વ તઆલાકા લાખ લાખ એહસાન હૈ કે ઉસને હમે માટે રમઝાન જૈસી અઝીમુરશાનને અમતસે નવાઝા માહે રમઝાન કી ફઝીલત કા કયા કહેના કે ઈસ મહિને કી હર ઘડી રહમત સે ભરી હુઈ હૈ ઈસ મહિને મેં આજ વ સવાબ બહુત હી ઝિયાદા બાહમ જાતા હૈ યહા તક કે નફિલકા સવાલ ફર્જ કે બરાબર હો જાતા હૈ ઔર ફર્ઝ કા સવાબ સત્તર ગુના કરા દિયા હૈ વલ્કે ઈસ મહિને મેં તો રોઝદાર કા સોજાના ભી ઈબાદત મે શુમાર કિયા જાતા હૈ અર્શ ઉડાનેવાલે ફરિશ્તે રોઝદારો કી દુઆ પર આમીન કહતે હૈ ઔર એક રિવાયત મે આતા હૈ કે રોઝમદાર કે લીયે દરિયા કી મછલીયા ઈફતાર કે વકત તક મગફેરત કી દુઆ કરતી

(બ-હવાલા તોઅ-ફએ-રમઝન શરીફ પાન. નં.૬૩-૬૪)

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.191

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ઘોઘંબા તાલુકામાં આંગણવાડી થી લઈ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ

# આધારકાર્ડ અપડેટ કરાવવાં માટે ધરમ ધક્કા સાથે ભર તડકામાં લાઈનમાં ઉભા રહેવા મજબુર

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના અંતરિયાળ ગામોના વિદ્યાર્થીઓને ધોમ ધખતા તાપમાં તાલુકા પંચાયત તથા મામલતદાર કચેરી ખાતે ભણવાનું છોડી પોતાના આધાર કાર્ડ અપડેટ કરવા માટે કચેરીના ધક્કા ખાવા પડે છે. એક તરફ પંચમહાલ વહીવટી તંત્ર દ્વારા બપોરના ૧૨:૦૦ થી ૪:૦૦ હિટવેવ જાહેર કરી શાળાઓ વહેલી છોડવા અને ઘરમાંથી બહાર ન નીકળવાની જાહેરાત કરી છે. ત્યારે આધારકાર્ડ ઉપડેટ કરવા માટે બાળકોને તડકામાં ઊભા રાખવા કેટલુ યોગ્ય છે.? સરકારના વહીવટી તંત્ર દ્વારા જે તે સ્કૂલના બાળકોને શાળામાં જ આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી માંગો ઉઠવા પામી છે. એક બાજુ શિક્ષણ વિભાગના વહીવટી વડાઓ દ્વારા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

બાળકોના કાર્ડઅપડેટ કરવા માટેના આંકડા પૂરા કરવા માટે ફરમાન કરવામાં આવે છે ત્યારે સરકાર તરફથી આધારકાર્ડ કામગીરી કરનાર સાધન સામગ્રી તથા વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવતી નથી. માંડ હજુ આધાર કાર્ડ કઢાવવાની કામગીરી તો પૂરી થઈ નથી અને તરત જ આધાર કાર્ડ અપડેટ કરવા માટે બાળકોને તાલુકાની વિવિધ કચેરીઓમાં રખડવાનો વારો આવ્યો છે. આદિવાસી વિસ્તારોમાં બાળકોને લઈને તેઓના ગરીબ મા-બાપ પણ પોતાની રોજીરોટી બગાડી રહ્યા છે અને આખો દિવસ કામગીરી માટે હેરાન પરેશાન થઈ રહ્યા છે. લોક માંગી ઉઠી છે કે, દરેક ગામમાં આધાર કાર્ડ અપડેટ કરનાર વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવે અને શાળામાં બેસીને વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અપડેટ કરી શકાય.

### માંડ શાળાઓ શરૂ થઈ વાર્ષિક પરીક્ષાની તૈયારી વચ્ચે બાળકો આધારકાર્ડ અપડેટ કરાવવા ધક્કા ખાઈ રહ્યા છે

કોરોના મહામાર બાદ માંડ શાળાઓ શરૂ થઈ છે અને હવે શાળાનું સત્ર પુરુ થવા આવ્યું છે. વાર્ષિક પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. તેવા સમયે શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના આધારકાર્ડ અપડેટ કરવાના આદેશ થી બાળકો આધાર સેન્ટરો બહાર લાઈનમાં ગોઠવાયા અભ્યાસ સાથે બાળકોનું આરોગ્ય પણ જોખમાય તેવી સ્થિતી આવા નિર્ણય પહેલા સમીક્ષા કરવામાં આવતી હશે ખરી તેવા અનેક પ્રશ્નો પણ થઈ રહ્યા છે.

ઘોઘંબા તાલુકાના દરેક ગામમાં બાળકોના આધારકાર્ડ અપડેટ કરનાર વ્યકિતઓની નિમણૂંક કરવામાં આવે જેથી શાળામાં બેસીને વિદ્યાર્થીઓ આધારકાર્ડ અપડેટ કરી શકાય.

### આધારકાર્ડ અપડેટ કરવાના તગલખી નિર્ણયને લઈ બાળકોના અભ્યાસ છોડી આધાર કેન્દ્ર ઉપર લાઈનમાં

શિક્ષણ વિભાગના વહીવટી અધિકારીઓ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોના આધારકાર્ડ અપડેટ કરવા આંકડા પુરા કરવા ફરમાન કરવામાં આવ્યું છે. જેને લઈ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓના આધારકાર્ડ અપડેટ કરવાની સુચના આપી દેવામાં આવી તાલુકા કેન્દ્ર ઉપર માંડ આધાર કેન્દ્ર કાર્યરત હતા. ત્યાં એક સાથે તમામ બાળકોને આધારકાર્ડ અપડેટ કરવાની સુચનાથી કાર્ડ અપડટ કરવા તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી બહાર લાઈનોમાં ઉભા રહેવા મજબુર છે. તાલુકા મથકો ખાતે ચાલતા આધારકાર્ડ સેન્ટરો ઉપર સવારે ૭ વાગ્યા થી લાઈનમાં ઉભા રહે છે. જેને લઈ બાળકો ભણતર સાથે આરોગ્ય પણ જોખમાઈ રહ્યુ છે. ગ્રામ્ય વિસ્તારના બાળકો ધમધોકતા તાપમા પગમાં ચંપલ વગર ઉભેલા જોવા મળી રહ્યા છે. તેમાં પણ આખો દિવસ લાઈનમાં ઉભા રહ્યા પછી નંબર નહિ આવતા બીજા દિવસે લાઈન લગાડવામાં બાળકો અને વાલીઓ મજબુર બન્યા છે. ઘોઘંબા તાલુકામાં આવનાર સમયમાં ગ્રામદીઠ આધારકાર્ડ કીટ પહોંચાડવામાં નહી આવે તો વાલીઓ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## શહેરા પોલીસ મથકમાં સુરતના વડીલ સાથે પોલીસ અધિકારી દ્વારા ગેરવર્તણુંક કર્યાના આક્ષેપ સાથે પ્રાંત અધિકારીને આવેદન

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે સૂરતના વકીલ સાથે તાલુકા પોલીસ મથકના પોલીસ અધિકારી દ્વારા ગેરવર્તણૂક કર્યાના આક્ષેપ સાથે શહેરા વકીલ મંડળ ના બાર અસોસીએશન દ્વારા પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપવા સાથે ઉપસ્થિત વકીલો દ્વારા પોલીસ અધિકારી સામે કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ હતી. જયારે તાલુકાના વકીલ મંડળમાં પોલીસના આવા વર્તન ને લઈને ભારે નારાજગી જોવાઈ હતી.

શહેરા બાર અસોસીએશન દ્વારા મૂળ પંચમહાલના વતની અને સૂરતમાં વકીલાતનો વ્યવસાય કરતા વકીલ સામે શહેરા પોલીસ દ્વારા ગેરવર્તુણક કરવામા આવતા ભારે નારાજગી જોવા મળી હતી. વકીલ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

મંડળ દ્વારા પ્રાન્ત કચેરી ખાતે આવેદન પત્ર આપીને કાર્યવાહી કરવા માટે રજૂઆત કરાઈ હતી. શહેરા બાર અસોસીએશન દ્વારા પ્રાન્ત કચેરી ખાતે આપવામા આવેલા આવેદનપત્રમાં આક્ષેપ કરીને જણાવાયુ હતુ શહેરા તાલૂકાના વતની જયદિપસિંહ બારીયા પોતે સૂરતમાં વકીલાત કરે છે અને તેઓ કૌટૂબિંક ઝગડાને કારણે શહેરા પોલીસ મથકમાં ફરિયાદ કરવા ગયા હતા તે સમયે શહેરા પોલીસે ફરિયાદ નોંધવાની બાજૂમાં રાખીને તેના બદલે સીઆરપીસીની કલમ ૧૫૧ નોંધીને એક વકીલ જેવા રેપ્યૂટેડ માણસને જેલમાં બેસાડી દીધા હતા. બીજે દિવસે મામલતદાર સમક્ષ રજૂ કરીને જામીન મુકત કર્યા હતા.આ મામલાને શહેરા બાર અસોસીએશન વખોડી કાઢે છે.અને શહેરા પોલીસના અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવાની માંગ કરાઈ હતી. વકીલ સાથે પોલીસ દ્વારા કરવામા આવેલા વર્તનની ઘટનાને વખોડી કાઢી હતી. વકીલ સાથે ગેરવર્તુણક કરવાની ઘટનાને લઈને વકીલ મંડળમાં ભારે નારાજગી જોવા મળવા સાથે ફરી આવું બને નહીં તે માટે ઉગ્ર રજૂઆત પ્રાંત કચેરી ખાતે કરવામાં આવી હોય ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લઈને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ પણ આવેદનપત્ર આપવા આવેલા વકીલો માંથી ઉઠી છે.

## શહેરા તાલુકાના ઉજડાના મહિલા ડે.સરપંચને તલવાર થી મારી નાખવાની કોશીષ અને પરિવાર સાથે મારઝુડ કરવાના કિસ્સા ૬ ઈસમો સામે ફરિયાદ નોંધાવા રજુઆત

શહેરા,

શહેરા તાલુકાના ઉજડા ગામના મહિલા ડેપ્યુટી સરપંચને ૨૬ ફેબ્રુઆરીના ૨૦૨૨ના રોજ આરોપી ૧ દ્વારા બળજબરી પૂર્વક દવા પીવડાવી દેતાં સારવાર અર્થે એક મહિનો દવાખાનામાં દાખલ થયેલ હતા અને તા.૨ એપ્રિલના રોજ પોતાના ઘરે પથારીમાં આરામ કરતા હતા. ત્યારે આરોપી તલવાર લઈ આવીને જીવતી બચી ગઈ તલવાર થી કાપી નાખીશ તેમ કહેતા મારો ભાઈ વચ્ચે પડતા ભાગી ગયેલ અને અન્ય પાંચ ઈસમો સાથે આવીને પરિવાર સાથે મારઝુંડ અને મારી નાખવાની ધમકી બાબતે શહેરા પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવામાં આવી.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકા ઉજડા ગામે રહેતા દક્ષાબેન મંગળભાઈ પરમાર જે ઉજડા ગ્રામ પંચાયતના ડે.સરપંચ હોય તેમને તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ગામમાં રહેતા વિપુલ મહેશભાઈ પટેલીયા દ્વારા બળજબરી પૂર્વક દવા પીવડાવી દેવામાં આવી હતી. જેમાં બે હોય થઈ જતા એક મહિના સુધી દવાખાનામાં સારવાર માટે દાખલ હતા અને દવાખાનામાં રજા લીધા બાદ ઉજડા ગામે પોતાના ઘરે આવેલ હતા. ત્યારે તા.૨ એપ્રિલ ૨૦૨૨ના રોજ પોતાના ઘરે પથારીમાં સુઈ રહેલા હતા. ત્યારે વિપુલ પટેલીયા તલવાર લઈને આવ્યો હતો અને જીવતી રહી ગઈ છે. તલવાર થી કાપી નાખીશ તેમ કહેતા હોય ત્યારે તેમના ભાઈ અનિલ આવી વચ્ચે પડતાં વિપુલ ભાગી ગયેલ હતો અને પોતાના ઘરેથી કુટુંબનું ટોળું લઈ આવ્યો હતો અન્ય આરોપી મહેશ શંકરભાઈ પરમાર, રાકેશ શંકરભાઈ પરમાર, લીલાબેન શંકરભાઈ સહિત છ ઈસમો દ્વારા દક્ષાબેનના પરિવારના લોકો સાથે મારઝુડ કરવામાં આવી હતી. ગાળો આપીને મારી નાખવાની ધમકી આપવામાં આવતાં આ બાબતે દક્ષાબેન પરમાર દ્વારા શહેરા પોલીસ મથકે લેખિતમાં ફરિયાદ આપી કાયદેસર કાર્યવાહીની રજુઆત કરાઈ છે.

## ગુજરાત પત્રકાર સંઘની વાર્ષિક સાધારણ સભા અમદાવાદ ખાતે યોજાઈ હતી





ગોધરા,

ગુજરાત પત્રકાર સંઘની વાર્ષિક સાધારણ સભા તા.૨૭-૦૩-૨૦૨૨ વિવાર સવારે ૧૦.૦૦ વાગે સરદાર સ્મૃતિ ભવન, ભદ્ર, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. તેમાં મોટી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં ષષ્ટીપૂર્તિ સમારોહ , પત્રકારોના પ્રશ્નો, વેલફેર ટ્રસ્ટના વિકાસ, ગત વર્ષનું સરવૈયું વિષે ચર્ચા કરવામાં આવી. ગુજરાત જર્નાલિસિસના વેલફેર ટ્રસ્ટમાં સભ્ય થવા માટેની ઊંમર ૪૫ વર્ષ સુધી રાખેલ છે તથા ૫ ૦૦૦/-રૂા. નોન રીફંડેબલ ફકત એકવાર ભરવાના રહેશે. આ મીટીંગમાં યશવંતભાઈ મહેતા (દાદા- મેનેજીંગ ટ્રસ્ટી ગુજરાત જનલિસ્ટ વેલફેર ટ્રસ્ટ) પ્રમુખ ગુજરાત પત્રકાર સંઘ બી.આર.પ્રજાપતિ, ચકવતી (ચુપી), ભુપેન્દ્રભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ મહેતા ( મુખ્ય મહેમાન - પદ્મશ્રી), (ભૂતપૂર્વ નવગુજરાત કોલેજના પ્રિન્સિપાલ ચંદ્રકાંત ભટ્ટ (મહામંત્રી ), ઉપપ્રમુખ કિરીટભાઈ એલ. વ્યાસ, કાર્યકારી મંત્રી - બાબુલાલ ચૌધરી, મંચ ઉપર બીરાજમાન હતા.

આ વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલ તમામ સભ્યોના ગુજરાત પત્રકાર સંઘના કારોબારી સમિતિના સભ્ય તરીકે રાજેશ એન. પટેલની વરણી કરવામાં આવી છે.

## વેજલપુર ગામમાં ભરઉનાળે ચોમાસા જેવી સ્થિતિ મેન બજારના રોડ ઉપર ગંદા પાણીના ખાબોચિયા ભરાયા

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં ભરઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. વેજલપુર ગામના મુખ્ય બજારમાં આવેલ ધર્મેશ્વર મહાદેવ મંદિર થી ઝૂલેલાલ મંદિર સુધીના રોડ ઉપર ગંદા ગટરના પાણી રેલમછેલ જેના કારણે રાહદારીઓ હેરાન પરેશાન વેજલપુર ગામના મુખ્ય માળીના ઢાળ ઉપરની ગટરનું ગંદુ પાણી આખા રોડ ઉપર રેલમછેલ જેના કારણે આખા રોડ ઉપર પાણીના ખાબોચિયા ભરાયા વેજલપુર માળીના ઢાળની ગટર લાઈન વિવેકાધન યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ છે અને છેલ્લા છ મહિના થી વહીવટી મંજૂરી આપી દીધી છે અને તે કામનું ખાતમુહૂર્ત પણ કર્યું હોવા છતાં કામ શરૂ કરવામાં આવેલ નથી. આ અંગે સ્થાનિક રહીશો અને તાલુકા પંચાયત સભ્ય દ્વારા અનેક વખત તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામ પંચાયત ને લેખિત તથા મૌખિક રજુઆત કરવા છતાં વેજલપુર ગામની સુબો મિયા ખાંચો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

અને માળીના ઢાળની ગટરનું કામ શરૂ ન કરતા લોકોમાં નારાજગી જેના કારણે ગ્રામજનો હેરાન પરેશાન થય રહયા છે. ગ્રાન્ટ મંજૂર હોવા છતા કામ શરૂ કરવામાં આવેલ નથી. જેના કારણે ધર્મેશ્વર મહાદેવ મંદિર આગળ ગટરનું પાણી રોડ ઉપર રેલમછેલમ બજારનું મુખ્ય રોડ ઉપર ગંદા પાણીના ખાબોચીયા ભરાયા. જેના કારણે ગામમાં આવતા જતા લોકોને ઘણી મુશ્કેલી વેઠવી પડી રહી છે.

## શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ, ગોધરા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગોધરા,

પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવેલ સાર્વજનિક કોમર્સ કોલેજ ખાતે મતદાન જન જાગૃતિ કાર્યક્રમનું કોલેજ એન એસ એસ ના કેમ્પસ એમ્બેસેડર લખન સમિયાની તથા લીડર નિતેશ સામતાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૮ વર્ષ કે તેથી વધુ વયના વિદ્યાર્થીઓ પ્રથમ વખત મતદાન કરનાર હોઈ વિદ્યાર્થીઓના ચુંટણીને લગતા પ્રશ્નો અંગે જિલ્લા પંચાયતના પ્રમુખ તથા કોલેજ સંચાલક મંડળના સેક્રેટરી એવા કુ. કામિની બેન ગોપાલસિંહ સોલંકી દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૦૦ ટકા મતદાન થાય તે માટેની સમજણ



કોલેજના પ્રિન્સીપાલ અરૂણસિંહ સોલંકી દ્વારા અપાયું હતુ.આ કાર્યક્રમમાં મતદાન અંગે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી જરૂરીમાર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના મનમાં રહેલ ચુંટણીને લગતા પ્રશ્નનો નિકાલ કરવામાં આવ્યો હતો. કુ.ધ્રુમી શાહે વિવિધ સ્લોગનો બોલાવ્યા હતા. આ પ્રસંગે એનએસએસની સુંદર કામગીરી બદલ લખન સમિયાણી તથા નિતેશ સામતાણીનું જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી દ્વારા ટ્રોફી આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમની આભારવિધિ લખન દ્વારા જ્યારે સફળ આયોજન નિતેશ દ્વારા કરાયું હતું.

## હાલોલ બાસ્કાના ઈસમે બસ ઉભી નહી રાખતા ડ્રાઈવર ઉપર ટોમી થી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી

હાલોલ,

હાલોલ-વડોદરા હાઈવે રોડ ઉપર એસ.ટી. બસમાં સવાર આરોપી ઈસમે સર્વોત્તમ હોટલ આગળ ટેકરી ઉપર ઉતારવા ડ્રાઈવરને કહેતા હાઈવે રોડ ઉપર નહી ઉભી રાખવાનું કહેતા ડ્રાઈવરને લાફો મારી ડ્રાઈવરની પાછળ પડેલ ટોમી ડ્રાઈવરને મારી ગંભીર ઈજાઓ કરી તેમજ કંડકટરને ગડદાપાટુનો મારમારતાં આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ-વડોદરા હાઈવે રોડ ઉપર પસાર થતી એસ.ટી.બસમા બેઠેલ આરોપી મુસાફર હસનેન ઉર્ફે ભચુલ ફરિદ મકરાણી એ મને સર્વોતમ હોટલ આગળ ટેકરી ઉપર ઉતારવાનું કહેતા ડ્રાઈવરે ટેકરી હાઈવેના ભાગ હોય અકસ્માત થાય તેમ હોય ઉભી નહી કરે તેમ કહ્યું હતું. જેને લઈ આરોપી હસનેન મકરાણી ઉશ્કેરાઈ ગયો હતો અને ડ્રાઈવર શંકરભાઈને લાફો મારી દીધો હતો અને ડ્રાઈવર સીટ પાછળ ટાયર બદલવાની ટોમી પડી હતી. તે લઈને ડ્રાઈવર શંકરભાઈને માથાના ભાગે બે થી ત્રણ ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. કન્ડકટર છોડાવવા વચ્ચે પડતા ગાળો આપીને ગડ્ડાપાટુનો મારમારી જાતિ અપમાનીત કરી ગુન્હો કર્યો હોય આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી.


### ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ
### પાનમ સિંચિત વાવેતર વિભાગ પંચમહાલ ડેરી સામે, લુણાવાડા રોડ ગોધરા જી.પંચમહાલ, ફોન નંબર : ૦૨૬૭૨-૨૬૧૪૪૯

### જાહેર નિવિદા

આથી વનીકરણની જુદી જુદી કામગીરીમાં રસ ધરાવતાં ઈજારદાર/ઈસમોને જણાવવાનું કે, ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ, પાનમ સિંચિત વાવેતર વિભાગ, ગોધરા હસ્તકની ગોધરા, રતનપુર અને શહેરા રેંજના કાર્ય વિસ્તારમાં કરવાનાં થતાં વનીકરણના કામો માટે ઈજારદાર સૂચિબદ્ધ કરવાના થાય છે. ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી ટેન્ડર ફી રૂ.૧૫૦૦/- રોકડા અથવા ડી.ડી. (નોન રીફંડેબલ) જમા કરાવી તા.૧૧/ ૦૪/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા.૧૧/ ૦૪/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮.૦૦ સુધીમાં ખરાપણાની રકમ સાથે નિગમની કચેરીએ સ્વીકારવામાં આવશે. મળેલા ટેન્ડરો તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે ઉપસ્થિત ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. આ ટેન્ડર ફોર્મ, ઈએમડી અને અન્ય શરતો www.gsfdcltd.co.in વેબ સાઈટ પરથી મેળવી શકાશે.

નાયબ વન સંરક્ષક
પાનમ સિંચિત વાવેતર વિભાગ
ગુ.રા.વ.વિ.નિ.લિ.ગોધરા

માહિતી/ગોધરા/૧૯/૨૦૨૨


# ગોધરા ચિખોદ્રાની નોંધ-૨ ઓનલાઈન અપલોડ ન કરવામાં અમુક લાભ કરતાં તત્વોના મેળાપીપણામાં કર્મચારી-અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ

## અવાર-નવાર નોંધ-૨ને ઓનલાઈન અપલોડ ન હોવાના અહેવાલ છતાં કેમ ઓનલાઈન કરાતી નથી...?

ચિખોદ્રાની નોંધ નં.૨ ઓનલાઈન અપલોડ સરકાર દ્વારા કરેલ હોવા છતાં અસામાજીક તત્વોના ઈશારે ઉડાવી દેવામાં આવી છે. તે તલાટી સામે કાર્યવાહી થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ગોધરા,

ગોધરા તાલુકાના ચિખોદ્રની રામજી મંદિર જમીનોની નોંધ નં.૨ તેમજ મૂળ રેકર્ડની નોંધ અસામાજીક તત્વો દ્વારા કર્મચારીઓની સાથે મેળાપીપણું કરી ઉડાવી દેવામાં આવેલ છે અને રામજી મંદિરની કેટલીક જમીનમાં કેટલાક નોંધ વંચાણે લેવાતી નથી. જે રેવન્યુ વિભાગમાં કેટલાક તત્વો મોટા પ્રમાણમાં ટ્રસ્ટ મિલ્કતો બાબતે ગાંધીનગર સુધી આંટાફેરા કરતા હોય તેવા ઈસમો દ્વારા રામજી મંદિરની નોંધ નં.૨ પાડી કે પડાવવામાં આવતી નથી. ઈ-ધરા કર્મચારી ભરત ડામોર, મહેકમ વિભાગના કર્મચારી રમેશ વાઘેલા અને સર્કલ ઓફિસર ડી.ડી. ચૌધરી આ તમામના મેળાપીપણામાં નોંધ નં.૨ ઓનલાઈન હોવા છતાં અપલોડ કરવામાં આવતી નથી. તેની તપાસ કરી આવી ગેરરીતિ ભ્રષ્ટાચાર કરી કરાવી મંદિરની નોંધ ઓનલાઈન અપલોડ ન કરવા દેવામાં ભૂમિકા હોય તેની તપાસ કરાવી કાર્યવાહી થાય તે જરૂરી છે.

ગોધરા ચિખોદ્રાની નોંધ નં.૨ના તમામ અધિકાર પ્રાંત અધિકારીને આપેલા હોય અને કોઈપણ રેકર્ડ બાબતે ગેરરીતિઓ થાય તે તમામ જવાબદાર તલાટીઓ, પ્રાંત ગોધરાને રાજય સરકારના આદેશોથી સુપ્રત કરેલ છે. ચિખોદ્રાની નોંધ નં.૨ બાબતે વારંવાર અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ કરવા છતાં આજદિન સુધી જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા નોંધ નં.૨ ઓનલાઈન મુકવામાં આવેલ નથી. નોંધ નં.૨ ઓનલાઈન અપલોડ ન કરવામાં ગ્રામ્ય વિભાગના પી.બી.કુંભાણીને પણ રસ હોય તેવી ચર્ચાઓ ઉઠવા પામી છે. નોંધ નં.૨ ચિખોદ્રાની બાબતે રજીસ્ટેટ દ્વારા હમીરપુરના સર્વે નં.૧૩ વાળી એવકયુ મિલ્કતમાં કલેકટરના સખ્ત આદેશો હોવા છતાં દસ્તાવેજ બનાવેલ અધિકારી ચિખોદ્રાના કેટલાક અસામાજીક તત્વો પાસેથી લાંચ લઈને ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી જમીનોના દસ્તાવેજો બનાવેલ હોવાની વિગતો ધ્યાનમાં આવેલ જે કોઈપણ મિલ્કતોમાં નોંધ નં.૨ આવે તો તેવા દસ્તાવેજો કયા પ્રકારની જમીનો છે. સબ રજીસ્ટાર દ્વારા તપાસ કરવામાં આવેલ નથી. જો નોંધ ઓનલાઈન હોવા છતાં પંચમહાલ જીલ્લા રેવન્યુ વિભાગના કર્મચારીઓ, અધિકારીઓના મેળાપીપણામાં થતી ગેરરીતિઓ બાબત રાજ્યના મહેસુલ મંત્રી તથા તકેદારી આયોગ સુધી આ બાબતે રજુઆત કરવામાં આવશે.

### પંચમહાલ રેવન્યુ વિભાગની મામલતદાર અને પ્રાંત કચેરીઓમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા ઓપરેટરો, વચેટીયાની ભૂમિકામાં ??

પંચમહાલ જીલ્લા રેવન્યુ વિભાગના મામલતદાર અને પ્રાંત કચેરીઓમાં કામ કરતા ઓપરેટરોનો કરાર પુરો થવા છતાં આવા ઓપરેટરોના કરાર રીન્યુ કરી અથવા કરાવીને રાખવામાં આવતા હોય છે. મામલતદાર કચેરી હોય પ્રાંત કચેરી હોય રેવન્યુ વિભાગમાં કામ કરતા ઓપરેટરોની ભૂમિકા ખૂબ મોટી જોવા મળી રહી છે. રેવન્યુ વિભાગના કર્મચારી, અધિકારીની નિગરાનીમાં કામ કરતાં આ ઓપરેટરો કોઈ વહીવટી જવાબદારી ફિકસ થતી ન હોવા છતાં આવા ઓપરેટરો, બિલ્ડરો, ભૂમાફિયાઓ સાથે ઘોરંબો ધરાવતા હોવાને લઈ રેવન્યુ રેકર્ડમાં અડચણરૂપ હોય તેવા કેસ અમુક નકલમાં ન આવે તેવી ગોઠવણ પણ કરી આવતાં હોવાનું સામે આવ્યું છે. થોડા સમય પહેલા પ્રાંત કચેરીમાં કામ કરતાં ઓપરેટરને ગેરરીતિ સામે આવતાં કાઢી મુકવામાં આવ્યો હતો. તે હાલ મામલતદાર કચેરીમાં ઓપરેટર તરીકે કામગીરી કરી રહ્યો છે. જીલ્લાના રેવન્યુ વિભાગમાં કરાર આધારીત ઓપરેટરો મુકવામાં આવે છે. તેમની જવાબદારી થતી ન હોવા છતાં અધિકારી-કર્મચારીઓના વચેટીયા અને વહીવટદાર બનીને કામ કરતા હોય ત્યારે આવા ઓપરેટરોને દુર કરી રેવન્યુ વિભાગના કર્મચારી કામગીરી કરે તેવી વ્યવસ્થા કરવી જરૂરી બની છે.